शिक्षावलीना अर्थ

(तरजुमा साथे)

भाग १

रची छपावी प्रसिद्ध करनार.

मणिलाल मुळजीभाई उपाध्याय.

बुकसेलर—पेटलाद

आवृत्ति त्रीजी — प्रत ३०००

संवत १९८४ — सने १९२८

अमदावाद-श्री [illegible] प्रिन्टींग प्रेसमां
जेठालाल देवशंकर दवेए छाप्युं.

मूल्य ०–३–०

શિક્ષાવલીના અર્થ.

(તરજુમા સાથે.)

भाग पहिला—પહેલો ભાગ.

पाठ १

सबेरे—પ્રાતઃકાલે	करने लगो—કરવાને શરૂ કરો
उठतेही ઉઠતાની સાથે	वह—તે
झूठ જુઠું	बिना पूरा किये—પુરૂં કર્યા વગર
मत—નહીં.	बराबर—સરખા
सब—બધાં	केवळ—માત્ર
देखता है—જુએ છે	साथी—જોડીદાર, સહાયક
उससे—એનાથી	सौंपा जाय સોંપવામાં આવે
कुछ કાંઇ પણ	सच्चाइ—અંતઃકરણથી
छिपा—છાનું	

(૧) પ્રાતઃકાલે ઉઠો અને ઉઠતાંની સાથે ઇશ્વરનું નામ લ્યો.

(૨) માતાપિતાની સેવા કરો.

(૩) જુઠું બોલશો નહીં.

(૪) ઇશ્વર બધા કામોને જુએ છે. એનાથી કાંઇ છાનું નથી.

(૫) સંસારમાં વિદ્યા સરખું બીજું કોઇ ધન નથી.

(૭) બધાંને આ દુનિયામાં બંધુ જેવા ગણજો
(૮) દુઃખમાં માત્ર ઈશ્વર જ સોબતી—સહાયક છે.
(૯) જે કામ તમને સોંપવામાં આવે તે ખરા અંતઃકરણથી કરો.
(૧૦) કોઈ કામ વગર વિચાર્યું ન કરતા.

पाठ २

किसीसे—કોઈથી	सताओ-હેરાન કરો
झगडा લડાઈ	तुम्हारीसी-તમારા જેવી
जिस—જે	जान—જીવ
होता है-થાય છે	बुरे-ખરાબ
वह—તે	कमाया हुआ-પેદા કરેલું
जल्द જલદી	धन—પૈસા
मिट નાશ	नहीं ठहरता-ટકતું નથી.
छिपा—છાનું	औरोंकी—બીજાઓની
कुछ કશું	भलाइ —ભલાઈ
धीरज- શાંતિ	देखकर-જોઈને
बदन—શરીર	कुढता है-બળે છે
साफ—ચોખ્ખુ	आदमियोंका-માણસોના
लडको—છોકરાઓ	संग સોબત
प्यार પ્રેમ	कभी - કદી

(૧) કોઈથી લડાઈ ટંટો ન કરો.
(૨) જે ઘરમાં લડાઈ થાય તે ઘર જલદી નાશ પામે છે.
(૩) બધા કામોને ઈશ્વર જુએ છે, તેનાથી કંઈ છાનું નથી.

(૪) દુઃખમાં ધીરજ રાખવી.

(૫) શરીર ચોખ્ખું રાખો, સ્વચ્છ છોકરાઓને બધા પ્યાર કરે છે.

(૬) કોઈને હેરાન ન કરશો, દરેકને તમારા જેવો જીવ છે.

(૭) નઠારાં કામોથી કમાયેલું ધન રહેતું નથી.

(૮) જે બીજાઓની ભલાઈમાં મંડ્યા રહે છે, તે સુખી રહે છે.

(૯) જે બીજાઓને સુખી જોઈને બળે છે, તે દુઃખી રહે છે.

(૧૦) નઠારા માણસની સોબત કરવાથી નુકશાન થાય છે. એટલા માટે એમની સોબત કદી ન કરતા.

पाठ ३

भरोसे-વિશ્વાસ ઉપર

सहायता—મદદ

तुमपर—તમારા પર

धोखा—વિશ્વાસઘાત

बुरी- ખોટી

कहनेसे—કહેવાથી

इस लिये—એટલા માટે

अपने -પોતાના.

सच्चा—સાચો

वही—તેજ

समय पडे—વખત ઉપર

काम आवे-ઉપયોગ લાગે

मीठी मीठी-सारी सारी.

बातो વાતો

कभी—કોઈ દિવસ

सब जगह—બધી જગાએ

पढे लिखे—ભણેલા ગણેલા

लडको—છોકરાઓ

आदर—માનમાન

मिलता है-મળે છે.

मुर्ख મૂરખ

अच्छा-સારાં

देर વિલંબ

चाहीये-જોઈએ

हो सके-થઇ શકે

या नहीं-અથવા નહીં

कौन जाने—કોણ જાણે

फिर-પછી

मीठी-મધુરી

सिवाय-વિના

कडवी-દુઃખ લાગે તેવી

साथ नही आता-સાથે આવતું નથી.

(૧) જે પોતાના ભરોંસાથી કામ કરે છે, તેને ઇશ્વર મદદ કરે છે.

(૨) જે તમારા ઉપર ભરોસા રાખે, તેમને કદી દગો ન દેતા.

(૩) નઠારી વાત કહેવાથી બીજાને દુઃખ થાય છે. એટલા માટે કોઇને નઠારૂં કહેતા નહિ.

(૪) નઠારા માણસોનો ભરોસો કરશો નહિ. નઠારા માણસો પોતના બાઇબંધોને પણ દગો દે છે.

(૫) સાચો મિત્ર તેજ છે જે વખત ઉપર કામ આવે.

(૬) શત્રુની મધુરી મધુરી વાતો ઉપર પણ કદી વિશ્વાસ ન રાખતા.

(૭) ભણેલા ગણેલાનો સઘળી જગાએ સત્કાર થાય છે, મુર્ખનો કેઇ સત્કાર કરતુ નથી.

(૮) સારાં કામો કરવામાં વિલંબ કરશો નહિ, કોણ જાણે પછીથી તે કામ તમારાથી થાય કે નહીં.

(૯) બધાની સાથે મધુરી વાણીથી બોલવું જોઇએ. કડવી—દુઃખ લાગે તેવી વાત કોઇના સાથે કરશો નહિ.

(૧૦) મરણ બાદ પાપ પુણ્ય વિના બીજું કશું સાથે આવતું નથી.

पाठ ४

कितने-કેટલું
उठाये ह—વેઠ્યાં છે
बढकर-વધીને
विना समझे बूझे-સમજ્યા વગર
मुँहसे-મોઢેથી
कह डालनेमें-કહી દેવામાં
सोच विचारलो-વિચારી લો.
अंत-છેવટ
क्या होगा-શું થશે
समझ बूझकर-સમજીને
डालो-ઘાલો
गालियां—ગાળો
ऐसी-એવી
कोसों—ઘણા ગાઉ,
धूपमें-તાપમાં
तुरतही-તરતજ
पानी-પાણી
सुस्ताकर-આરામ લઈને
प्यास-તરસ,
पैर-પગ
देख भालकर-જોઈને
गिर पडो-પડી જાઓ
क्योंकि-કેમકે
औरोंका-બીજાઓનો
जी-જીવ

(૧) માતાપિતાએ તમારે માટે કેટલું દુઃખ વેઠ્યાં છે, તેનો વિચાર કરી તેમની સેવામાં હંમેશાં તૈયાર રહો. તમારું ભલું ઇચ્છનારા તેઓથી વધારે બીજું કોઈ નથી.

(૨) અંદરો અંદર લડાઈ ન કરો. કેમકે એમાં આપણું મન પણ દિલગીર થાય છે અને બીજાઓનો પણ જીવ બગડે છે. અંદરો અંદરની લડાઈમાં દુઃખજ છે.

(૩) તાપમાં બહાર જશો નહિ. ત્યાંથી આવીને તરતજ પાણી પીશો નહિ થોડીવાર આરામ લઈને, જ્યારે ઠંડા પડો, ત્યારે પોતાની તરસ ચોખ્ખા પાણીથી શાન્ત કરો.

(૪) રસ્તામાં જોઇને ચાલો, એવું ન બનવું જોઇએ કે ઠોકર ખાઇને પડી જાઓ, અથવા કાંટા વાગે અથવા કોઇ જીવ જંતુ પગ તળે દબાઇ જવાથી કરડી ખાય.

(૫) જે મનમાં આવે તે વગર વિચારે કહી દેવામાં કોઇ કોઇ વખત મોટું નુકશાન થાય છે. એટલા માટે સમજ્યા વગર કોઇ વાત મોઢેથી કાઢશો નહિ.

(૬) જ્યારે તમે કોઇ કામને કરવા ઇચ્છો ત્યારે સારી રીતે વિચારી લો કે એનું છેવટ શું થશે. પોતાનું નુકશાન (અને) નફો સમજીને તે કામમાં હાથ ઘાલો.

(૭) ગાળ અથવ કોઇ નઠારી વ'ત ભુલીને પણ મે'ઢેથી ન કાઢો (કારણ કે) ગાળો દેવી (એ) નઠારા છોકરાઓનું કામ છે. સારા છોકરા એવી વાતોથી ઘણા ગાઉ દુર જાય છે.

पाठ ८

जो लड़के–જે છોકરા	**आलसियांकी**–આળસુ માણસોની
उनको તેઓને	**सताने लगाहै**–સતાવવા લાગે છે
मैले कुचैले–મેલાં, ગંદાં	**आळसी**–આ' સુ
घिनाते हैं–ધિક્કારે છે	**होही जाता है**–થઇજ જાય છે.
दरिद्र–દ' દર, ગરિબાઇ	**उजले** ·વચ્છ
पसिना–પરસેવો.	**पहिना करो**–પરેર્યાં કરો.

સ્વચ્છ છોકરાઓને સર્વ કોઇ પ્યાર કરે છે, ગંદાં છોકરાંઓને સઘળા ધિક્કારે છે શ રીર મેલું રહેવાથી પરસેવો નીકળતો બંધ થઇ

જાય છે. પરસેવો બંધ થવાથી જો બીજો કોઇ રોગ ન થાય તો માણસ આળસુ તો થઇજ જાય છે આળસુ માણસની બુદ્ધિ પણ મંદ થઇ જાય છે અને તેઓને દરિદ્ર (ગરીબપણ) સતાવવા લાગે છે. એટલા માટે છોકરાઓ ! તમારે પોતાનું શરીર ચોકખું રાખવું જોઇએ અને સ્વચ્છ લુગડાં પહેર્યા કરવાં.

पाठ ६

सवेरे–પ્રાતઃકાળે	यथा नेत्रं; ते प्रमाणे
उठतेही–ઉઠતાંજ	बढतेही है-વધે છે.
जिसने-જેણે	और समय–બીજી વખત
बनाई है–બનાવી છે.	कम–ઓછું.
किया जाता है–કરવામાં આવે છે	सुस्ती–આળસાઇ
जी–જીવ ધ્યાન, મન	बान डालनी–ટેવ પાડવી
सोते–સુઇ	

પ્રાતઃકાળે ઉઠો અને ઉઠતાંજ ભગવાનનું નામ લો, જેણે તમારા સુખને માટે ઘણી વસ્તુઓ બનાવી છે, કારણકે–સવારમાં ઉઠીને જે કામ કરવામાં આવે છે તેમાં ઘણો જીવ પરોવાય છે ભણવું જેવું સવારમાં થાય છે, તેવું બીજી વખત થઇ શકતું નથી. કારણકે ઉઠીને જે યાદ કરવામાં આવે છે, તે ઘણું જલદી યાદ થાય છે અને ઓછું ભૂલાય છે કારણકે ઉઠવાથી બુદ્ધિ વધે છે ને શરીરમાં રોગ થતો નથી. સુરજ ઉગ્યા પછી સુઇ રહેવાયથી આળસાઇ આવે છે એટલા માટે છોકરાઓએ સવારે ઉઠવાની ટેવ પાડવી જોઇએ.

पाठ ७

जहां तक – જ્યાં સુધી

हो सके – બની શકે

बीमारियां – રોગો વ્યાધિ

तिपाइ – ત્રણ પાયાની ઘોડી

कंकड – કાંકરા, वालु – રેતી

भर दी जाय – ભરવામાં આવે

औटानेसे – ઉકાળવાથી, ગરમ કરવાથી

पदीमें – તળીયામાં

छनकर – ગળાઇને

गिरते – પડતાં

गली हुइ – ઓગળેલા

જ્યાંસુધી બની શકે ત્યાં સુધી ચોકખું પાણી પીવું જોઇએ. ચોખ્ખું પાણી પીવાથી રોગ ઓછો થાય છે. પાણી ગરમ કરવાથી—ઉકાળવાથી ચોકખું થઇ જાય છે. એક ત્રણ પાયાની ઘોડી ઉપર ચાર ઘડા નીચે ઉપર રાખીને, ઉપરના ત્રણ ઘડાના તળીયામાં કાણાં પાડીને એકમાં કોયલા, બીજામાં કાંકરા અને ત્રીજામાં રેતી ભરવામાં આવે તો જે પાણી એ ત્રણ ઘડામાંથી ગળાઇ નીચેના ઘડામાં ભરાશે તે પાણી ઘણુંજ ચોકખું થશે. વરસાદનું પાણી પણ ચોકખું હોય છે, પણ પડતાં પડતાં તેમાં કેટલીક વસ્તુઓ ભળી જાય છે. ઓગળેલા બરફનું પાણી ઘણું ચોકખું હોય છે.

पाठ ८

हँसी ठट्ठा – મશ્કરી

वैरका – વેરનું

इसलिये – એટલા માટે

कियाकरो – કરો

किसीसे – કોઇના સાથે

तुमसे – તમારી સાથે

लोग – લોક

इसीमें – એમાંજ

बडाइ करेंगे – વખાણ કરશે

गिना जाता है – ગણાય છે.

कहलाता है – કહેવાય છે.

મશ્કરી એ વેરનું મુળ છે એટલા માટે મશ્કરી કોઇની ન કરો. કોઇ તમારી મશ્કરી કરે અથવા તમારી સાથે વેર કરે તો તેને તમે મનમા લાવશો નહિ. એમ કરવાથી તમારૂં ભલું થશે અને બધા લોક તમારાં વખાણ કરશે. જે માણસ નઠારાં બદલે સારૂ કરે છે તે ઉત્તમ ગણાય છે. જે નઠારાને બદલે નઠારૂં કરે છે તે મધ્યમ છે; અને જે સારા બદલે નઠારૂં કરે છે તે નીચ કહેવાય છે.

पाठ १

कुत्तोंने - કુતરાઓએ	पत्तियां - પાંદડાં.
पीछा किया - કેડો લીધો	चरली - ચરી લીધી
भागकर - નાશી જઇને	उसे - તેને
पेडकी - ઝાડના	उसको - તેને
आडमें - એઠમાં	अपनी - પોતાનું
होगई - સંતાઇ ગઇ	ऐसीही - એવીજ
घबडाकर - ગભરાઇને	दुर्गत - નઠારી દશા
उस - તે	होती है - થાય છે

જંગલમેં શિકારી કુતરાઓએ એક બકરીનો કેડો લીધો. બકરી નાશી જઇને એક ઝાડની એઠમાં સતાઇ ગઇ અને તેથી કુતરાઓ તેને જોઇ શક્યા નહિ. થોડીવાર પછી બકરી ભુખથી ગભરાઇને તે ઝાડના પાંદડા ચરી લીધા, પાંદડાંનો ઓથો ન રહેવાથી કુતરાઓએ તેને જોઇ લીધી બધા તેના ઉપર તુટી પડ્યા અને તેનો ભુકો નાખ્યો. સાચું છે જે પોતાનું ભલું કરવાવાળાની સાથે બુરૂં કરે છે તેની એવીજ નઠારી દશા થાય છે.

पाठ १०

अनोखा-વિચિત્ર
इसकी-એની
बहुतसी-ઘણી
जटायें-મુળીઓ
वे—તેઓ
तब-ત્યારે
भीतर—અંદર
घुसकर-ઘસીને
जम जाती है—ચોંટી જાય છે
जडे-મુળીઆં
भडोच—ભરૂચ
इतना-એવડું
कि-કે
उसकी-તેની

વડ આ દેશમાં એક વિચિત્ર ઝાડ છે. તેની ડાળીઓમાંથી ઘણીજ મુળ નીચે લટકે છે. જ્યારે તેઓ જમીન સુધી પહોંચી જાય છે ત્યારે અંદર ઘસીને ચોંટી જાય છે, અને મુળીઆં બની જાય છે. વડનું ઝાડ ઘણું મોટું અને છાયવાળું હોય છે. બધામાં મોટું વડનું ઝાડ નર્મદા નદીના કાંઠા ઉપર ભરૂચમાં છે તે એવડું મોટું છે કે હજારો માણસો તેની છાયામાં સુખે રહી શકે છે.

पाठ ११

प्यास-તરસ
मुँह-મોઢું
छोटा—નાનું
उसमें-તેમાં
कईबार—કેટલીક
डालकर-ઘાલીને
चाहा-ઈચ્છયું
इतनी-એવડી
कहांका-ક્યાથી કે
अंतमें-આખરે
कंकडी-કાંકરી
ला ला कर-લાવી લાવીને

डाली નાખ્યા — **बुझाई**-શાંત કરી
गिरतीथी-પડતા હતા — **मिहनत** — મહેનત
अच्छी तरहसे-સારી રીતે — **अकारथ**-નકામી

એક દિવસ એક કાગડો તરસને લીધે ઉડતો ઉડતો પાણીના ઘડાની પાસે ગયો. ઘડાનું મોઢું નાનું હતું. કાગડાએ કેટલીક વખત ચાંચ ઘાલીને પાણી પીવાનું ઇચ્છયું પણ તેની ચાંચ એવડી મોટી કયાંથી કે પાણી સુધી પહોંચી શકે. છેવટે કાગડાએ તે ઘડામાં કાંકરા લાવી લાવીને નાખ્યા (જેમ જેમ) કાંકરા પડતા હતા (તેમ તેમ) પાણી ઉપર ચઢી આવતું હતું થોડીજ વારમાં પાણી ઘડાના મ્હોં સુધી પહોંચી ગયું અને કાગડાએ સારી રીતે પોતાની તરસ શાંત કરી, સાચું છે (કે) મહેનત નકામી જતી નથી

पाठ १२

पिंडा કેડો — **बहता**-વહેતું — **जीनातक**—જીવન. જીવતર
घेर लेता है-ઘેરી લે છે, — **यही**—એ જ — **सुस्त**-આળસુ
धँधा-- ધંધો — **काई**-લીલ. — **कामकाजी**-ઉદ્યોગી
जमजाती है-જામી જાય. — **फबकने देता**-ફરકવા દેતો.

આળસ અને સુસ્તીથી માણસનું પોતાનું જીવન પણ ભારે થઇ પડે છે. તેના દિવસ કઢતા જતા નથી થોડા દિવસોમાં તે કશા કામના રહેતા નથી. મહેનત નહિ કરવાથી શરીરને જાત જાતના રોગ લાગુ પડી જાય છે. દુઃખ આળસુ માણસનો છેવટના વખત સુધી (મરણ સુધી) કેડો છોડતું નથી. આળસુ માણસને દળદર ઘેરી લે છે જે પાણી વહેતું રહે છે, તે ચોખ્ખું બની

રહે છે. અને જે પાણી બંધાઇ રહે છે તે મેલું થઇ જાય છે અને ઉપર લીલ બાઝી જાય છે. એવીજ દશા ઉદ્યોગી અને આળસુ માણસની જાણો. એટલા માટે ઉદ્યોગી માણસ આળસને પોતાનો શત્રુ સમજીને પોતાની પાસે ફરકવા દેતો નથી.

पाठ १३.

तालमें—તાળાવમાં ડાંમાં	**किसीका**—કોઇના
कुछ—કેટલાંક **पाँव**-પગ	**गिड्डनि**—T કાલાવાલા
खेल रहे थे રમત હતાં.	**ऐसे खेल**—એવી રમત
जनके તેમના **बरसाने** ફેંકવા	**न खेलें** ન રમવી
मनमें—મનમાં	**घबडाये**—ગભરાયાં

એક નાના તલાવમાં દેડકાં રહેતાં હતા; તેના કાંઠા ઉપર કેટલાંક છોકરાં રમતાં હતાં. તેમના મનમાં જે આવ્યું, કે તળાવમાં ધડોધડ પથરા ફેંકવા લાગ્યા. બિચારાં દેડકાં ગભરાયા, કોઇનું માથું ફુટયું અને કોઇના હાથ પગ ભાગ્યા.

એક દેડકાએ પાણીની બહાર માથું કાઢીને છોકરાઓને કાલાવાલા કરીને કહ્યું: "તમે અમારા ઉપર દયા કરો અને પથરા ન ફેંકો" એક છોકરાએ જવાબ દીધો "અમે તમારા માટે અમારી રમત છોડી દઇએ" દેડકાએ કહ્યું " તમારા આ ખેલથી અમારાં માથા ફુટે છે અને અમે મરીએ છીએ." છોકરાઓએ ઇચ્છવું જોઇએ કે એવી રમત ન રમવી [કે] જેથી બીજાઓને દુઃખ થાય,

---

पाठ १४.

बडोंका-વડિલોનું	**जी चुराता हैं** જીવ ચોરે છે,
पढनेसे-ભણવામાં	ધ્યાન આપતા નથી.
ठीक समयपर-વખતસર	**पढता**-ભણતો
बहाना-બહાનુ	**जब**-જ્યારે
गलियोमें-શેરીઓમાં	**सोचता** વિચારતા
भाईयोंको—ભાઈબંધોને	**छेडता है**—ખીજવે છે.

જે પોતાના વડીલોનું કહ્યું માનતો નથી અને ભણવામાં જીવ ચોરે છે તે નઠારો છોકરો કહેવાય છે. નિશાળના નિયમો ઉપર ધ્યાન આપતો નથી અને વખતસર નિશાળમાં જતો નથી. નિશાળમાં બહાનું કાઢીને શેરીઓમાં રમ્યા કર્યા કરે છે, જુઠી વાતો જોડી કહાડે છે, પોતાના ભાઈબંધોને ખીજવે છે પોતે ભણતો નથી અને બીજાઓને ભણવા દેતો નથી જ્યારે ગુરુજી ભણાવે છે, ત્યારે ધ્યાન આપતો નથી. મનમાં વિચારતો નથી કે લખવા વાચવાથી અમારાં માબાપ અને ગુરુજી રાજી થશે. જે છોકરાઓ પોતાનું ભલું ઇચ્છે છે, તેમણે આ સઘળી વાતો છોડવી અને વિડલોનું કહ્યું માનવું જોઇએ.

पाठ १५

क्योंकि-કેમકે **उन्होने**-તેમણે	**ऐसा**-એ પ્રમાણે
आपसमें-એકબીજામાં.	**देखा गया है**-જોવામાં આવ્યું છે.
बहुतही-ઘણુંજ	**सहायता**-મદદ
ऐसाही—એવુંજ	**इस तरह पर**-એવી રીતે, આ પ્રમાણે.
बडाइ-પ્રસંશા	

ભાઈ ભાઈ એકજ માબાપનાં છોકરાં છે અને તેમણે એકજ માનું દુધ પીધું છે. એવી કારણે ભાઈ ભાઈનું એક બીજામાં લડવું ઘણુંજ ખરાબ છે. જે ભાઈ એક બીજાની સાથે સંપ રાખે છે, તેઓની પ્રસંશા થાય છે. એથી કરીને ભાઈઓએ એક બીજા સાથે પ્યારથી રહેવુ જોઈએ. જે એ પ્રમાણે કરે છે તેઓનાં માબાપ રાજી રહે છે. કોઈ કોઈ વખત જોવામાં આવ્યું છે કે સ્વભાવ મળતો નહિ આવવાના કારણે ભાઈઓ જુદા થઈ જાય છે. ભાઈઓ જો એક બીજાથી જુદા થઈ જાય તો પણ તેઓએ એક બીજાને મદદ કર્યા કરવી જોઈએ એવી રીતે એક બીજામાં સંપ રાખવાથી મોટાં મોટા કામ પણ સહજમાં થઈ જાય છે. પાડોશીઓ અને મિત્રોની સાથે પણ એવુંજ વર્તન કરવુ જોઈએ.

(૨)

कई—કેટલાક	**अंटी**—આટી.	**सुनते ही**—સાંભળતાંજ.
सूतकी—સુતરની		**मिलेजुले**—હળીમળીને
जाँच—અજમાયશ,		**हो जा ओगे** થઈ જશો
तार—તંતણો.	**अलग**—જુદો.	**पहुँचा**—પહોંચાડી

એક માણસને ચાર છોકરા હતા તે રોજ અંદર અંદર લડતા હતા. તેઓના બાપ તેઓને ઘણું ઘણું સમજાવતા હતા, પણ તેઓ માનતા નહોતા. એક દિવસ બાપે પોતાના સઘળા છોકરાઓને એકઠા કર્યા અને તેઓને એક સુતરની આટી આપીને કહ્યું કે આના ઉપર પોતાના બળની અજમાયશ કરો. દરેક છોકરાએ તેને તોડવાનું ઇચ્છયું, પણ તે કોઈથી ન તુટી, ત્યારે બાપે કહ્યું એક એક તાંતણો જુદો કરીને

તોડો, આ સાંભળતાં તેઓએ તેને તોડીને ફેંકી દીધી. ડોસાએ કહ્યું " એજ પ્રમાણે જો તમે એક બીજા સાથે હળી મળીને રહેશો તો તમારૂં કોઇ કાંઇ કરી શકશે નહિ " અને જો જુદા થઇ જશો તો જે ચહાશે (તે) તમને નુકશાન પહોંચાડી શકશે.

पाठ १६ मो.

बड़ा—ઘણો. लालची—લાલચુ. एकही—એકજ

मुर्गी थी—મરઘી હતી ठानकर—નક્કી કરી

सोचा—વિચાર્યું उसने—તેણે मैं—હું.

फाड़डालूं—ફાડી નાખું पर—પણ हानी—નુકશાન.

એક લાલચુ માણસની પાસે એક મરઘી હતી. ને રોજ એક સોનાનું ઇંડું આપ્યા કરતી હતી. તે લાલચુએ એક દિવસ વિચાર્યું, હું આ મરઘીનું પેટ ફાડી નાખું તો બધાં ઇંડાં મને એકજ વારે મળી જાય. એવું મનમાં નક્કી કરી તેણે તે બિચારી મરઘીને મારી નાખી; પણ ઇંડું એકે હાથ ન આવ્યું. સાચું છે કે ઘણી લાલચથી નુકશાન થાય છે.

(२)

मुहमें—મોમાં. लियें—લઇને छीनलूं—છીનવી લઉં.

पार—સામે કાંઠે सोच—વિચાર यही—એવીજ

परिछायी—પડછાયો खोला—પહોળું કર્યું

यह—એવું. गिरकर—પડીને

दबायें—દબાવી बहगया—વહી ગયો

उससे—તેની પાસેથી पछताकर—પસ્તાઈને

એક કુતરો મોંમાં રોટલો લઇને નદીને સામે કાંઠે જતો હતો. પાણીમાં તેણે પોતાનો પડછાયો જોયો. કુતરો એવું સમજ્યો કે બીજો કુતરો મોમાં રોટલો દબાવી જાય છે. તેના મનમાં લાલચ થઇ અને ઇચ્છયું કે હું તેની પાસેથી રોટલો છીનવી લઉં. એવો વિચાર કરી રોટલો છીનવી લઇ લેવાને જેવું મ્હોડું પહોળું કર્યું તેવોજ જે રોટલાનો કકડો તેના મોઢામાં હતો તે પણ નદીમાં પડી વહી ગયો ત્યારે પસ્તાઇ કહેવા લાગ્યો "હાય હાય ! લાલચુઓની આવીજ દશા થાય છે."

पाठ १७ मो.

खेल—कूदमे - રમવા કુદવામાં	**आदर होगा** સત્કાર થશે.
जिससे—જેથી. **करोगे** - કરશો	**किसीके**—કોઇના
बडे होने पर મોટા થયા પછી	**जीते** જીવતાં
सबजग—બધી જગાએ.	**कबतक**- કયાં સુધી
दौलत-પુંજી, દોલત	**बन पडेगा**—બની શકશે.

છોકરાઓ ! પોતાનો વખત લખવા ભણવામાં લગાડો જેથી તમને છેવટ સુખ મળે જો તમે એવું કરશો તો તમારા માબાપ પણ તમને ચાહશે અને મોટા થયા પછી બધી જગાએ તમારો સત્કાર થશે. પોતાના માબાપની પૂંજી ઉપર ભુલશો નહિ. (આધાર રાખશો નહિ.) હંમેશાં કોઇનાં માબાપ જીવતા રહેતાં નથી. એકને એક દિવસે મરીજ જાય છે. પછી તેમની દોલત કયા સુધી રહેશે. જ્યારે માબાપ પણ રહેશે નહિ અને તેઓની દોલત પણ રહેશે નહિ ત્યારે તમે પસ્તાશો. પછી તમારાથી કાંઇપણ બની શકશે નહિ. આટલા માટે છોકરાઓનું વિદ્યા ભણવામાં મન લગાડો રમવા કુદવામાં મન લગાડો નહિ, રમવામાં વખત નકામો જાય છે.

पाठ १८

सब कुछ—બધું. चुरा—ચોરી.
असबाबको-મિલકતને
बाँट लेते हैं—વહેંચી લે છે.
हिस्सा—ભાગ.
कितनाही—ગમે તેટલું
घटही—ઘટીજ,
वहीं—ત્યાંજ
बढतीही—વધતીજ.
उतना—તેટલું.
उसीके—તેનાજ
आदर સત્કાર.
बुढापेमें—ઘરડપણમાં
पाओ—મેળવો.

વિદ્યાની બરાબર કોઇ ધન નથી. જેની પાસે વિદ્યા છે તેની પાસે બધું છે. જુઓ માલ મિલકતને ચોર ચોરી લઇ જાય છે, પણ એને ચોર પણ ચોરી શકતા નથી, રાજા કોઇને શિક્ષા આપવા ઇચ્છે છે તો તેનું ધન લઇ છે, પણ વિદ્યાને તે પણ લઇ શકતો નથી. ભાઇ ભાંડુ જ્યારે જુદા થાય ત્યારે ઘરના બધી માલ મિલકત અરસ્પરસ વહેંચી લે છે, પણ વિદ્યામાં કોઇનો ભાગ વહેંચવાનો હોતો નથી, ગમે તેટલુ ધન કોઇની પાસે કેમ ન હોય, (હોય તો પણ) આપવાથી ઘટીજ જાય છે અને છેવટે કાંઇ રહેતું નથી પણ વિદ્યામાં બધાથી મોટો ગુણ એ છે કે આપવાથી વધતી જ જાય છે. રાજાઓમાં પણ જેટલું વિદ્વાનનું માન હોય છે, (તેટલું) ધનવાનનું નથી હોતું. રાજાનો સત્કાર તેનાજ રાજમાં હોય છે, પણ વિદ્વાન જ્યાં જાય છે ત્યાં તેનો સત્કાર થાય છે. છોકરાઓ ! એટલા માટે તમારે જીવ લગાડીને વિદ્યા શીખવી જોઇએ, જેથી જુવાની અને ઘરડપણમાં સુખ મેળવે.

पाठ १९ मो.

कहीसें-કહીંથી. ओर-તરફ, इतनेमें-એટલામાં. इस-આ.

सुनानेको—સંભળાવવાને, खोलतेही-ઉઘાડતાંજ

उधर-એ તરફ. कांव कांव-કાકા.

सुहावना-શોભીતું. गिर गई-પડી ગઈ.

उठा लाया-ઉપાડી લાવ્યો. जान पडता है-જણાય છે.

पर-પાંખો. होकर-થઈને ले लम्बी हुई-લઈ ચાલતી થઈ

એક દિવસ એક કાગડો રોટલાનો કકડો ઉપાડી લાવ્યો અને ઝાડ ઉપર બેસીને ખાતો હતો. એટલામાં એક લોંકડી તે તરફ થઈને નીકળી. લોંકડીએ કાગડાની તરફ જોઈને કહ્યું કે તમારી પાંખો ઘણી સુંદર છે અને તમારૂં રૂપ આ વખતે ઘણું શોભીતું જણાય છે. જો કાંઈ તમારી બોલી પણ સારી હોત અને તમે ગાઈ શકત તો તમારી બરાબર કોઈ પક્ષી ન હોત (થઈ શકત નહિ.) આ સાંભળીને કાગડો ઘણો રાજી થયો અને પોતાનું ગાયન સંભળાવવાને કા કા કરવા લાગ્યો. મોં ઉઘડતાં જ રોટલો પડી ગયો અને લોંકડી તેને લઈ ચાલતી થઈ. જે જુઠી મોટાઈ ઇચ્છે છે તેમની એવીજ દશા થાય છે.

पाठ २० मो.

किसी-કોઈ. गहराइ-ઊંડાઈ. उन्होने-તેઓએ.

किसानको-ખેડુતને बो दिया-વાવી દીધું.

खेलाडी—રમતીઆળ पाया-મેળવ્યું.

गड़ा है-દાટ્યું છે   चाट पड़ गई-રસ પડી ગયો
बाँट लेना-વહેંચી લેજો   खुदा होथा-ખોદાયું હતું

એક ખેડુતને ચાર છોકરા હતા તે ઘણાજ રમતીઆળ હતા અને ખેતીના કામમાં જીવ રાખતા નહોતા. જ્યારે તે મરવા પડયો ત્યારે તેણે પોતાના છોકરાઓને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું " મારું ધન મારા ખેતરમાં દાટ્યું છે. મારા મરી ગયા પછી તમે તેને ખોદીને પોતપોતામાં વહેંચી લેજો " ખેડુત મરી ગયા પછી તેના છોકરાઓએ ધનની લાલચથી આખું ખેતર વધારે ઉંડાઈ સુધી ખોદી નાંખ્યું, પણ ધન કાંઇ હાથ ન આવ્યું. ત્યારે નિરાશ થઇ તેઓએ તે ખેતરને વાવી દીધું. ખેતર તો ખોદાયું જ હતું અને પાણી પણ વખતસર વરસ્યું, ખેતી સારી થઇ અને એજ ધન છોકરાઓએ ખેતરમાંથી મેળવ્યું પછી તે તેઓને ખેતીનો રસ પડયો અને દરસાલ ઘણા રૂપીઆ કમાવા લાગ્યા. જે મહેનત કરે છે તેજ લાભ મેળવે છે.

पाठ २१

शहद-મધ,   का-નો   उनको-તેઓને   इकट्ठा-એકઠું
मुझको-મને   तुम्हे-તમને   उनके लिये-તેઓને માટે
उजाड़ते है-બાળે છે   सतायेंगे-સતાવશે
लिये-માટે

એક દિવસ સાખાદેડીએ મધમાખીને પુછ્યું " લોક તમને કેમ આટલું ચાહે છે અને મને કેમ નથી ચાહતા ? તમને પાળે છે અને મને મારે છે, તમારે માટે ઘર બનાવે છે અને મારા ઘરને દેવતા લગાડીને બાળે છે " મધમાખીએ કહ્યું: " તમારાથી તેઓને કશો

પણ લાભ થતો નથી. તમે કેવળ ડંખ મારો છો એવી દશામાં તેઓ તમને કેમ ચહાય. અને જુઓ કે હું આખો દિવસ મહેનત કરીને માટે મધ એકઠું કરૂં છું. મારી પેઠે તમે પણ તેઓની સાથે ભલાઇ કરો. તો તેઓ પણ તમારી સાથે ભલાઇ કરશે. તમે તેઓના સાથે બુરાઇ કરવી છોડી દો (તો) તેઓ પણ તમને સતાવશે નહિ. ''

पाठ २२

वहा शोच–એજ વિચાર	**पाओगे**–પામશો
अनादर તિરસ્કાર	**खुल न जाय**–ઉઘાડું ન પડી જાય
छिपानेके–સંતાડવાને	**इससे**–એનાથી
और–બીજી **दंड**–શિક્ષા	**बोलोगे**–બોલશો
होती है–થાય છે	**बडाई**–મોટાઇ

જુઠા માણસનો સઘળી જગાએ તિરસ્કાર થાય છે. જુઠો માણસ કદી સાચું બોલે છે, તો તેના સાચને પણ સઘળા લોકો જુઠુંજ સમજે છે. રાત દિવસ તેને એજ વિચાર થયા કરે છે કે કદી મારૂં જુઠું ઉઘાડું ન પડી જાય. વળી તેને એક જુઠ સંતાડવાને માટે સેંકડો બીજી જુઠી વાતો બનાવવી પડે છે. જુઠાને શિક્ષા ન થાય તો પણ તેની નિંદા તો થાય છેજ. એનાથી બચવાને માટે જુઠું કદી બોલવું ન જોઇએ. જો તમે સાચું બોલશો તો સઘળાના વહાલા બની રહેશો અને સઘળા તમારો વિશ્વાસ કરશે. સાચું બોલવાથી તમે જગતમાં મોટાઇ પામશો. એટલા માટે છોકરાઓ તમારે હંમેશા સાચું બોલવું જોઇએ અને જુઠનું નામ પણ ન લેવું.

पाठ २३ मां.

एक न एक-જુદીજુદી જાતના   इसीलिये-આનેજ લીધે
लोहेका-લોઢાનો   ओर-તરફ   बरसजाने के पीछे-વરસી ગયા પછી
टीला-ભુરો   हरा-લીલો   बहुतायतसे-વધારે પ્રમાણમાં
लोहुका-લોહીનો   हरियाली-લીલોતરી
बंजनी-રીંગણાના જેવો   जान पडती है-જણાય છે

બધી વસ્તુઓના જુદા જુદા રંગ હોય છે. સોનાનો રંગ પીળો છે, ચાંદીનો ધોળો, લોઢાનો કાળો આકાશનો ભુરો, ઘાસનો લીલો અને લોહીનો લાલ: લાલ રંગ આંખોને ઘણું નુકશાન પહોંચાડે છે, લીલા રંગના તરફ ગમે તેટલી વાર જોઈ જુઓ (પણ) આંખો થાકતી નથી. આનેજ લીધે ભગવાને લીલા રંગની વસ્તુ વધારે પ્રમાણમાં બનાવી છે જુઓ વરસાદ વરસ્યા પછી લીલોતરી કેવી સુંદર જણાય છે. ભુરો અને પીળો રંગ એકઠા થવાથી લીલો રંગ બને છે. ભુરો અને લાલ રંગ એકઠો થવાથી રીંગણાના જેવો રંગ બની જાય છે.

पाठ २४

सोया-સૂતો   खिड़की-બારી   आदत-ટેવ   डालता-ઘાલતો
उधरसे-તે તરફથી   मुंहमें-મુંઢમાં   हँसीसे-મશ્કરીથી   सुई-સોય
नालको-તલાવે   चुभादी-ઘોચી દીધી
जैसी-જેવી   राह-રસ્તે   चुपचाप-છાનોમાનો
वहांसे-ત્યાંથી   सारे-બધા   कीचड हो कीचड-કાદવજ કાદવ
सी रहेथे-સીવી રહ્યા હતા   होगई-થઈ ગયો

દિલ્હીમા એક દુકાનમાં દરજી લુગડાં શીવ્યાં કરતો હતો. તે દુકાનમા એક બારી હતી. તે તરફથી એક હાથી તલાવમાં પાણી પીવા દરરોજ જતો હતો. હાથી તે બારીમા પોતાની સુંઢ ઘાલતો. અને દરજી તેને રોટી આપી દેતો હતો. એક દિવસ તે હાથીએ જેની તેને ટેવ પડી હતી. (તે પ્રમાણે) પોતાની સુંઢ બારીમા ઘાલી (તે વખત) એક દરજીએ મસ્કરીથી રોટી આપવાને બદલે તેની સુંઢમાં સોય ઘોચી દીધી. તે વખતે તો હાથી કાંઇ પણ ન બોલ્યો, છાનોમાનો તલાવે ચાલ્યો ગયો ત્યાંથી મેલું પાણી પોતાની સુંઢમાં ભરી લાવ્યો અને બારીને રસ્તે દુકાનમા નાંખી દીધું. દુકાનમાં કાદવજ કાદવ થઇ ગયો ને બધા લુગડા જે દરજી શીવતો હતો (તે) બગડી ગયા.

पाठ २८

ठीक-બરાબર · दुबला-દુબળો · वैसेंही-તેજ પ્રમાણે

समयपर-વખતસર · बहुतसा-ઘણુંજ

खाना-ખોરાક · उटकर-અકરાંતીઓ

एकही समयपर—એકજ વખતે · कइवार-વધારે વાર

છોકરાઓ! બરાબર વખતસર ખોરાક ખાધા કરો. હમેશાં ટાઇમસર ખાવાથી ભોજન સારી રીતે પચે છે, ભુખ વગર ખાવાથી અન્ન પચતું નથી. ભુખથી ઓછું અથવા વધારે ખાવું (એ) બન્નેથી શરીર રોગી થઇ જાય છે. જેમ થોડું ખાવાથી માણસ દુબળો થઇ જાય છે તેમ વધારે ખાવાથી માંદો પડી જાય છે. ખાતાં ખાતાં ઘણુંજ

પાણી પીવાથી ભુખ ઓછી થઇ જાય છે. એટલા માટે ખાધાપછી પાણી પીવું સારૂં છે. એકવાર અકરાંતીઉં ખાવા કરતાં વધારે વાર થોડું થોડું ખાવું સારૂં છે.

पाठ २६.

किये है-કર્યાં	**घुटने**-ઘુંટવા	**हमको**-અમારે
धूप-તડકો	**दम**-શ્વાસ	**पहीचान**-ઓળખી
औरोंकेसाथ-બીજાઓની સાથે	**बचनेसें**-બચવાથી	**जी**-જીવી

ભગવાને અમારા ઉપર બહુજ ઉપકાર કર્યા છે. તેણે હવા પાણી તડકો, અમારેજ માટે બનાવ્યાં છે; માટી વગર અન્ન નીપજતું જ નથી. હવા નહી હોવાથી શ્વાસ ઘુંટાવા લાગે છે. પાણી વગર કોઇ જીવી શકતું નથી. તાપ વગર અનાજ અને ફળ પાકતા નથી; તેણે અમને બોલવાને મોઢું, સુંઘવાને નાક, સાંભળવાને કાન, કામ કરવાને હાથ અને ચાલવાને પગ આપ્યા છે; તેમણે અમને બુદ્ધિ આપી છે. તેથી અમે સારૂ ખોટું ઓળખી શકીએ છીએ. જેણે અમારા ઉપર આ ઉપકાર કર્યો છે તેને રાજી રાખવો એ અમારો મુખ્ય ધર્મ છે. ભલાઇ કરવાથી અને બુરાઇથી તે રાજી થાય છે; ભગવાને અમારા ઉપર ભલાઇ કરી છે, (માટે) અમારે ઇચ્છવું જોઇએ કે અમારે પણ બીજાઓની સાથે ભલાઇ કરવી જોઇએ.

पाठ २७.

बुरे-ખરાબ	**चालचलन**-વર્તન

बर्ताव—વર્તન

नरमीसे—નમ્રતાથી

आयु—આયુષ્ય

दुलार—પ્યાર

पाते है પામે છે; મેળવે છે

इसी सोचमें—આજ દુખમાં

जड समझ—મુળ સમજી

बच्चोंहींमें—છોકરાંઓમાંજ

तरफदारी—તરફેણ

सा—જેવો

છોકરાઓ નઠારા નીકળવાથી માબાપને ઘણું દુઃખ થાય છે. આજ દુઃખમાં કદી તેઓનું આયુષ્ય પણ ઓછું થઇ જાય છે. છોકરાઓ સારા નીકળે છે અને માબાપને રાજી રાખે છે, તો તેઓનું બધું દુઃખ વેગળું જતું રહે છે. માબાપના જીવ છોકરાઓમાંજ લાગેલા રહે છે. જ્યારે તેઓને દુઃખ થાય છે ત્યારે માબાપ પણ દુઃખી થાય છે અને જ્યારે તેઓ સુખી રહે છે ત્યારે માબાપ પણ સુખ પામે છે. બાપના હેતથી માનું હેત વધારે હોય છે. સારો બાપ પોતાના છોકરાઓની સાથે નમ્રતાથી વર્તન કરે છે તેઓ તેમના ઉપર બહુ પ્યાર કરતા નથી. (તેમજ) તરફેણ પણ કરતાં નથી; તેઓ પહેલાં પોતાનું વર્તન સુધારે છે, અને સાચવટને બધી ભલાઇનું મુળ સમજી પોતાનાં છોકરાંને સાચાઇના રસ્તાપર ચઢાવે છે. છોકરાઓને પણ પોતાનાજ જેવો સ્વભાવ શીખવે છે.

पाठ २८.

कंगाल—ગરીબ

सुशील—વિવેકી

जाया करते थे—જતા હતા

आ गये—આવ્યા

देखकर—જોઇને

यही—આ

દીલ્હીમા એક ગરીબ સ્રીને ત્રણ છોકરા હતા. તેઓ ઘણા હતા અને રોજ નીશાળમાં ભણવા જતા હતા. એક દિવસ કોઇએ તેને પુછ્યું "તારી પાસે શું ધન છે ?" તે સ્રીએ કહ્યું મારી પાસે ત્રણ રત્ન છે." તેણે પુછ્યું "કયા છે !" એટલામાંજ તેના છોકરા નિશાળમાંથી આવ્યા. તે સ્રીએ છોકરાઓની તરફ જોઇને કહ્યું "આજ મારાં રત્ન છે." સાચું છે, (કે) સારાં છોકરાં રત્ન થી ઉતરતાં હોતાં નથી.

पाठ २९

सिरे पर–માથા ઉપર **फल जाते है**–ફેલાઇ જાય છે
तरह–માફક **रुचिसे**–ખુશીથી **गुच्छे**–ઝુમખાં **बुकनी**–ભુકો
अरबके–અરબસ્તાનના **सुखाकर**–સુકવીને
पीसकर–દળીને **गुठली**–ઠળીઆ
धूपमे–તાપમાં **भेडोको**–ઘેટાંને **सूखेहुये**–સુકાયલા

ખારેકનું ઝાડ સીધું ચાલીસ પચાસ હાથ સુધી લાંબું ચાલ્યું જાય છે. તેના માથા ઉપર લાંબાં લાંબાં પદડાં છત્રીની માફક ફેલાઇ જાય છે. એનું ફળ મીઠું અને લાલ રંગનું હોય છે. ઝાડના ઉપર ફળનાં પંદર વીસ ઝુમખાં લટકે છે. એક એક ગુચ્છો દસ દસ શેર સુધી તોલમાં ઉતરે છે. એના ફળને અરબસ્તાનના લોકો ઘણી ખુશીથી ખાય છે. ફળને તાપમાં સુકવીને રાખે છે. સુકાયલાં ફળ ઘણા દિવસ સુધી રહે છે. આને દળીને તેઓ ભુકી બનાવી લે છે. અને જ્યારે કહીં બહાર જાય છે, (ત્યારે) પોતાની સાથે લઇ જાય છે. તેને પાણીમાં ઘોળીને પીએ છે. અને પોતાના ઘોડાઓ તથા કુતરાઓને પાય છે. ઠળીઆ દળીને પોતાનાં ઉંટો અને ઘેટાંને આપે છે.

पाठ ३०

मिट्टी-માટી चोटीयां-શિખરો झरणे-ઝરણાં ढकी-ઢંકાયલાં
सर्दी-શરદી निकाम-નિકળવું जीनमेंसे—જેમનામાંથી
आलय-ઠેકાણું, इन्हींसे-એમાંથી इमीसे—એમાંથી

પહાડ માટી અને પત્થરથી બનેલા છે. પહાડોમાંથી કંઇ કંઇ પાણીનાં ઝરણાં નીકળ્યાં છે. નદીઓનું નીકળવું પણ એમાંથી હોય છે. પહાડોમાંથી હિમાલય બધાથી ઉંચો છે. એટલા માટે (તેને) પર્વતોનો રાજા કહેવામાં આવે છે. આ પર્વત હિંદુસ્તાનની ઉત્તરમાં છે એનાં શિખરો બરફથી ઢંકાયનાં રહે છે. એટલા માટે એનું નામ હિમાલય (હિમ-બરફ અને આલય-ઠેકાણું)પડયું. ગંગાજી એમાંથી નીકળ્યાં છે. પર્વતો પર ઉંચાઇના કારણે શરદી બહુ હોય છે. કંઇ કંઇ એવા પણ પર્વત છે કે જેમનામાંથી દેવતા નીકળ્યા કરે છે. એવા પહાડોને જ્વાલામુખી કહે છે પંજાબના કાંગડા જીલ્લામાં પણ એક જ્વાલામુખી પર્વત છે. ત્યાં જ્વાલાદેવીનું મંદિર છે. વરસાદના દિવસોમાં પહાડો ઉપર ઘણી શોભા હોય છે. પર્વતોથી ઘણા લાભ છે. પહાડોમાંથી અમને પત્થર, ધાતુ અને લાકડાં મળે છે.

पाठ ३१

घूमा करते हैं-ફર્યા કરે છે नाज-અનાજ किरनें=કિરણો
निकलतेही ઉગતાંજ सुहावनी-શોભાયમાન
हो जाता है-થઇ જાય છે भांति भांतिकी-જુદી જુદી [જાતની
सारीधरतीपर-બધી પૃથ્વી ઉપર चमकसे-પ્રકાશથી.
अंधेरेका-અંધારાનું छिप-સંતાઇ
उजाला-અજવાળું जगहसे-જગાએથી

સુરજ ઉગતાંજ રાતનો દિવસ થઇ જાય છે. બધી પૃથ્વી પર અંધારાનું અજવાળું થઇ જાય છે, સુરજ આપણને ગરમી આપે છે. તેજ આપણા ખેતરમાં અનાજ ને બાગમાં ફળો પકવે છે. સવારમાં સુરજનાં કિરણો કેવાં શોભાયમાન લાગે છે ! પક્ષીઓની જુદી જુદી જાતની બોલી રસીલી લાગે છે; સુરજના પ્રકાશથી દિવસે તારા સંતાઇ જાય છે. તેજ તારા અંધારી રાતે કેવા સુંદર લાગે છે ! છેટેથી પાસે પાસેજ દેખાય છે, પણ તેઓ એક બીજાથી ઘણા છેટે છે. કેઇ કોઇ આમાંથી રાતદિવસ ફર્યા કરે છે. કોઇ જગાએથી એકજ વખતે ત્રણ હજારથી વધારે તારા કોઇ જોઇ શકતું નથી.

पाठ ३२

झगडा—તકરાર **कौन**—કોણ **जाँच के लिये**—તપાસને માટે
ठहरा—ઠર્યું **बटोही**—વટેમાર્ગુ **भीग**—પલળી
बली—બળવાન **राहमें**—રસ્તામા **वेग बढता गया**—જોર વધ્યુ
पसीनेमें—પરસેવામાં **छायादार**—છાયડાવાળું

એક દિવસ સુરજ અને હવા વચ્ચે તકરાર થઇ કે બંન્નેમાં કોણ બળવાન છે. એની પરીક્ષા માટે એક બીજામાં એમ ઠર્યું કે જે કોઇ વટેમાર્ગુનાં લુગડા ઉતરાવે તે બળવાન ગણાય. એક માણુસ રસ્તામાં કપડાં પહેરીને ચાલ્યો જતો હતો. પવન જોરથી વાવા લાગ્યો, પણ જેમ હવાનું જોર વધતું ગયું તેમ તે પોતાના શરીર ઉપર કપડાં વિંટાળતો ગયો. હવાનું કાંઇ પણ જોર ચાલ્યું નહિ. એની પછી સુરજે પોતાનો તાપ ફેલાવ્યો. સુરજની ગરમીથી તે મુસાફર પલળી ગયો અને તેણે લુગડાં ઉતારીને નાંખી દીધાં અને છાયડાવાળા ઝાડના નીચે બેસી ગયો. હવાએ હાર માની અને સુરજને પોતાનાથી વધારે બળવાન જાણ્યો.

पाठ ३३

पैर—પગ विष—ઝેર बिलोंमें-દરોમાં जडमें-મૂળમાં

ओस—ઝાકળ तीक्ष्ण—ઝેરી

खोखलोंमें બખોલોમાં थैलियां—કોથળીઓ

खडहरों-ખંડેરો. घुसे સંતાઇ दहकते हुए—સળગતા

भाग सकता है—નાશી શકે છે. जला दे—બાળી નાંખે

पुराने-જુનાં जाडेमें-જાળામાં ऊनी-ઉનનાં केंचुली-કાંચળી

સાપ વિવિધ રંગના હોય છે. બધાથી કાળો સાપ ઘણો ભયંકર હોય છે. સાપ ઘણું કરીને જુના મકાનોનાં ખંડેરો અને જુનાં ઝાડોની બખોલોમાં રહે છે. જાળામાં તથા દરોમાં સંતાઇને બેસી રહે છે, (તેઓ) તાપમાં ઝાકળ ચાટવા અને હવા ખાવાને નીકળે છે; વરસાદમાં દરોમાં પાણી ભરાઇ જવાના કારણે (તેઓ) બહાર નીકળી આવે છે. અને ઘાસ તથા ઝાડીઓમાં રહેવા લાગે છે સાપને પગ નથી પણ તેઓ જલદીથી નાશી શકે છે. એની જીભ વચમાંથી ચીરાયેલી હોય છે. એના તાળવામાં બે દાંત છે. અને એ દાંતના મુળમાં નાની નાની કોથળીઓ હોય છે. જેમાં ઝેર ભરાયલું રહે છે. કાળા સાપનું ઝેર ઘણું હોય છે. તેના કરડેલા થોડા બચ્ચ છે. સૌથી સારો ઉપાય આ છે કે જ્યાં સાપ કરડે તે [જગા] ને સળગતા કોયલાથી બાળી નાંખવી અથવા કાપીને ત્યાંનું લોહી કાઢી નાંખવું. ઉનનાં અને રેશમી લુગડામાં એની કાંચળી રાખવાથી જીવડાં લાગતાં નથી.

पाठ ३४

अंडोसे—ઇંડાંમાંથી सॉंस—શ્વાસ इन्हीं—આજ, पैर—પગ
तडप तडप—તરફડી તરફડી सहारेमे—મદદથી
गलफडा—ઝાલર परो—પાંખો तककी—સુધીની
नापा गया है—માપવામાં આવ્યું છે बत्तिआँ—મીણબત્તીઓ
अटकल्मे—આશરેથી फेफडा—ફેફસાં

માછલી ઇંડાંમાંથી પેદા થાય છે અને પાણીમાં રહે છે. તેઓ પાણીમાંથી નીકળતાંજ તરફડી તરફડીને મરી જાય છે. એમના ગળામાં શ્વાસ લેવાને માટે કાણાં હોય છે. આજ કાણાને ઝાલર કહે છે. માછલીઓને કાન નથી હોતા પણ તેઓ સાંભળી શકે છે. તેમને પગ નથી હોતા, પણ તેઓ પાણીમાં પાંખો અને પુછડીની મદદ ચાલે છે.

વ્હેલ નામની એક મોટી માછલી થાય છે. તે સંસારનાં સર્વ જીવડાંથી મોટી હોય છે. તેની લંબાઇ આશરેથી પચાસ હાથ અને મોટાઇ પણ એટલી જ હોય છે. પુછડીની લબાઇ આઠ હાથ સુધી જોવામાં આવી છે. તેનું મોંઢું ચૌદ હાથ સુધી માપવામાં આવ્યું છે. વ્હેલ તોલમાં ચાર હજાર મણ સુધીની આંકવામા આવી છે. તેમાં ચરબી ઘણી હોય છે, અને આનેજ લીધે તેનો શિકાર કરવામાં આવે છે. ચરબીની મીણબત્તીઓ બને છે. વ્હેલા ઇંડાં આપતી નથી (પણ) બચ્ચું જણે છે, અને તેને દુધ પીવાડે છે. તેને શ્વાસ લેવાને માટે પરમેશ્વરે ફેફસાં આપ્યાં છે. એથી કરીને પાણી બહાર માથું કહાડીને શ્વાસ લે છે. એને સમુદ્રમાં રહેવાના કારણે માછલી કહે છે.

पाठ ३९

महाजनका—શાહુકારનું   गड़ाथा—દાટયો હતો
करज—દેવું   पंजोंसे—પંજાથી   भेज दिया—મોકલી દીધો
ऋण—દેવું   खुरचने-ખોતરવા   भेंट—ભેટો, મેળાપ.
बहुतेरा—ઘણુંએ   यहांसे—ત્યાંથી   कागज-કાગળ
भोंकता रहा—ભસ્યા કર્યું.   गड़ेहे - ડટાયા છે.
भाग आया—નાશી આવ્યો   वारवार—વારંવાર

એક માણસને એક શાહુકારનું ઘણું દેવું થઇ ગયું હતું. તેની પાસે દેવું ચુકવવાને કંઇ પણ ન હતું. પણ તેની પાસે એક કુતરો હતો. શાહુકાર તેનેજ લેવાને માટે રાજી થઇ ગયો. તેણે કુતરો શાહુકારને સોંપી દીધો, કેટલાક દિવસ વિત્યા પછી તે મહાજનના ઘરમા ચોર પેઠા અને તેના ઘણોજ માલ કઢાવીને લઇ ગયા. કુતરાએ ઘણુંજ ભસ્યા કર્યું પણ કોઇની આંખ ઉઘડી નહિ. ચોરોને જોઇને કુતરો તેમની પાછળ ગયો અને જ્યાં ખેતરમા ચોરોએ માલ દાટયો હતો તે જગ્યા જોઇને પાછો આવ્યો, જ્યારે ઘણી જાગ્યે (ત્યારે) કુતરો તે ખેતર તરફ વારંવાર જવા અને આવવા લાગ્યો. એક વખત માલીક તેની પાછળ પાછળ ગયો. કુતરા ખેતરમા જઇને જે જગ્યાએ માલ દાટયો હતો ત્યા પંજાથી માટી ખોતરવા લાગ્યો, અને શાહુકારને તેનું ધન બતાવી દીધું શાહુકાર કુતરાથી ઘણો રાજી થયો. તેણે એક કાગળ ઉપર આવું લખ્યું કે "તમારા કુતરાએ તમારૂં સઘળું દેવું વળી આપ્યું" (એ પ્રમાણે લખીને) કુતરાના ગળામાં બાંધ્યો, અને તેના પહેલા માલીકની પાસે મોકલી દીધો. રસ્તામાં માલીક અને કુતરાનો મેળાપ થઇ ગયો માલીક એવું સમજ્યો કે કુતરો શાહુકારને ત્યાંથી નાશી આવ્યો છે. (તેથી) તેને ત્યાંજ તલવારથી મારી નાંખ્યો.

કુંવરાના મરી ગયા પછી તેણે તે કાગળ તેના ગળામાં જોયો પછી તો તે પોતાને સંભાળી શક્યો નહિ અને તેણે ત્યાં પોતાનો પણ પ્રાણ આપી દીધો, બંને એકજ જગાએ દટાયા છે.

पाठ ३६

खानोंमें–ખાણમાંથી	गहने–ઘરેણાં	पत्र–પતરાં
चमकीला—ચળકતું	खींचा जाता–ખેંચાય છે	
सोनार–સોની	आंचमें—તાપથી	
सुहागेके–ખડીઆખારની	दाम–કિંમત	
धनीलोग–પૈસાદાર લોક	अमरीका–અમેરિકા	
पाया—મળતા	मोहर–ગીની	

સોનું એક કીમતી ધાતુ છે ને ખાણમાંથી નીકળે છે, અને ઘણું ભારે અને ચળકતું હોય છે. દેવતા ઉપર ઘણું ગરમ કરવાથી ઓગળી જાય છે. સોની સોનાને ખડીઆખારની સાથે ગરમ કરે છે આથી સોનું થોડાજ તાપથી ઓગળી જાય છે, પૈસાદાર લોક એનાં સારાં સારાં ઘરેણાં બનાવરાવે છે. એના તાર પણ ખેંચાય છે અને પતરાં પણ બનાવરાવે છે. સોનાનાં પતરાં દવાઓમાં કામ આવે છે. આની બહુ કિંમત થાય છે. વિલાયતમાં સોનાના સિક્કાનું ચલણ છે. આપણા દેશમાં પણ એની મહોર બને છે. સોનુ અમેરિકા અને આફ્રિકાના પશ્ચિમ ભાગમાં બહુ મળે છે. કોઈ કોઈ નદીઓની રેતમાંથી પણ સોનું મળે છે. પણ તેને કહાડવામાં ખર્ચ બહુ લાગે છે.

पाठ ३७

मोल लेसकते–ખરીદી શકતા	दुअन्नी–બે આની
कांसके—કાસાની	अठन्नी–આઠ આની, અર્ધો.

चवन्नी-ચારઆની, પાવલી.　　पाईजाती है-મળે છે
बरतन-વાસણ फूकी—ખાખ　　गलती है—ઓગળે છે

ચાંદી પણ કીમતી ધાતુ છે અને તે સોનાની પેઠે ખાણમાંથી નીકળે છે. પણ એ સોનાની બરાબર હોતી નથી અને રંગમાં ધોળી હોય છે. એનાં પણ ઘરેણાં બનાવવામાં આવે છે. જે સોનું ખરીદી શકતા નથી તેઓ ચાંદીની ઘરેણાં બનાવરાવે છે. જેઓની ચાંદી પણ મળી શકતી નથી તેઓ કાંસાના પહેરે છે. હિંદુસ્તાનમાં ચાંદીના રૂપીઆ, અર્ધા, પાવલી અને બે આની બને છે. પૈસાવાળા માણસ ખાવાને માટે ચાંદીનાં વાસણ પણ બનાવે છે. ચાંદીના તાર પણ ખેંચવામાં આવે છે અને એનાં પતરાં પણ બનાવવામાં આવે છે. ચાંદીની ખાખ કરવામાં આવે છે અને (તે) દવામાં કામ આવે છે. ચાંદી ખડીઆખારની સાથે જલદી ઓગળે છે. ચાંદી થોડી ઘણી સઘળી જગાએ મળે છે પણ અમેરિકામાં વધારે મળે છે.

पाठ ३८

आंच-તાપ　चलन-ઉપયોગ　कुल्हाडी-કુહાડી　फावडा-પાવડા
इंगलिस्तान-ઇંગ્લાંડ　　समझेगा—સમજશે
उतना-તેટલું　जितना-જેટલું　सबहीको—સર્વને
धनी-ધનવાન　कंगाल—ગરીબ　उडीसा—ઓઢીઆ
गिनाजाता है-ગણાય છે.

લોઢું પણ ખાણમાંથી નીકળે છે અને માટી અને પત્થરમાં મળેલુ રહે છે. લોઢાને તાપ દઈને ચોકખું કરે છે. લોઢુ ઇંગ્લાંડમાં ઘણું મળે છે. હિંદુસ્તાનમાં પણ બર્દવાન, ઓઢીઆ અને કુમાઊમાં એની ખાણો છે. લોઢાથી જેટલું કામ થાય, તેટલું કોઈ બીજી

ઘણું થતું નથી. લોઢાના હળગો, ચપ્પુ કુહાડી, પાવડા અને હથિયાર બને છે. વિચાર કરીને જુઓ તો સમજાશે કે લોઢું ન હોય તો આપણાં ઘણાં કામ બંધ પડી જાય. જે દેશમા લોઢાનો ઉપયોગ નથી તે દેશમા ઉન્નતિ થતી નથી. લોઢાનું કામ ધનવાન અને ગરીબ સર્વને પડે છે. એટલા માટે લોઢું સઘળી ધાતુઓમાં મુખ્ય ગણાય છે

पाठ ३५.

बादला-વાદળો कलगी-કલગી परोंमें-પાંખોમાં बमेंग-બાગ

चमकी हुई है-ચળકી છે टहलता-ફરતો गावों-ગામો

हरियाली-લીલોતરી मैं-હું घमंड-અભિમાન

सुहावना-શોભાયમાન तारेंही तारे-તારાજ તારા

लहलहाती-સુશોભિત पूछ-પૂછડી

जान पडता है-જણાય છે. गुजने लगा-ગાજી ઉઠ્યું

મોર એક શોભાયમાન પક્ષી છે. જુઓ, વાદળોના ગર્જન સાંભળીને મોર સામેના ખેતરમા નાચવા માંડ્યો છે, કેવો શોભાયમાન જણાય છે! પૂછડી કેવી ગોળ કેળવી લીધી છે! જાણે (કે) સરજમુખીનું ફૂલ ખીલ્યું છે. ગરદન પૃથેલી છે, માથા, ઉપર કલગી છે. પાંખોમા તારાજ તારા જડ્યા છે. તેને પોતાની સુંદરતાનું ઘણું અભિમાન છે. તેનો જીવ ચહાય છે કે સુંદર શોભાયમાન જંગલ હો, જમીન ઉપર લીલોતરી સુશોભિત હો અને હું ધીરે ધીરે ફરતો હોઉં ત્યાર જીવ ચહાય (ત્યારે) એક બે વાર બોલી ઉઠ્યો. ઘણા દૂર સુધી જંગલ ગાજી ઉઠ્યું. મોર દેખો અને ગામોની પાસે રહે છે. સાંજ (અને) સવાર ખુલ્લા મેદાનો અને ખેતરોમા ઘુમ્યા કરે છે;

નાનાં ઝાડો પર આરામ લે છે ... એઓને મારવા દેવા નહીં એઓની પુંછડી એ ... બને છે.

પાઠ ૪૦.

आमके-આંબાના **पेड़**-ઝાડ **रखवाला**-રખવાળો. **बौर** મોર **धन** ભાગશીલ **खरका**-અનાજ **गिलहरियां**-ખીસકોલીઓ **लगे हैं** ઉગ્યા છે. **रखा सचमुच** **पातपात** પાંદડે પાંદડે **तोताके**-પોપટના. **चाहे**-ગમે તો **कुर्सी**-ખુરસી **फलतेहैं** ફળે છે **आ गिरे**—આવી પડ્યા **फरमे** - ફરજ કરતા **कतर कतर**—કાતરી કાતરી **भिधारी** - ભરેલી રહી

છોકરાઓ ! જુઓ. આ બાગની અંદર કેવાં સુંદર આંબાના ઝાડ ઉગ્યા છે. કેવા ખીચોખીચ છે. જેની ડાળી ... રખવાળો તેની સાચવણી કરે છે, પણ ખીસકોલીઓ કેવી ... છે ! ... ડાળીએ (ઓ) પાંદડે પાંદડે ફરે છે ... પોપટના ટોળાં આવી પડ્યા (તેમણે) કેરી કાતરીને ઢગલા બનાવી દીધા, અનાજ થતાંજ સઘળા ફરજ કરતા ઉડી ગયા. આંબા એક વર્ષ સારા ફળે છે, બીજી સાલ ઓછા. કોઈ કોઈ એક સાલ ફળે છે. બીજી સાલ તેઓમાં ફળ આવતા નથી અને કોઈ કોઈને બારે માસ ફળો આવે છે ગમે તો ડોસા હોય કે જુવાન સઘળું કેરી ખાવાને ચાહે છે. કેરી અને કેળાની ... છે. ઝાડ ઉપર મોર આવ્યો ... કાયમ રહ્યો. કેરી ... ભરેલી રહી કેરી ઘણી જાતની હોય છે. જેમકે, [illegible] માલદા, લંગડા ... માહુબાગ અને ...

જાહેર ખબર.

અમારે ત્યાંથી ગુજરાતી, ઉર્દૂ તથા અંગ્રેજી સ્કુલોમાં ચાલતી તમામ ચોપડીઓ તથા દરેક સાઇઝ બુકો નાની મોટી જેવી જોઇએ તેવી તૈયાર મળશે.

આ ઉપરાંત અમારાં બનાવેલાં ડીક્ષનેરીઓ, શબ્દજ્ઞાન તથા કવિતાના અર્થ પણ મળશે, તેમજ કાગળ, પેન્સીલ, હોલ્ડર, ડ્રોઇંગ બુકો, સ્લેટ, પેન, રબર, વગેરે શાળોપયોગી તથા કચેરીઓને ઉપયોગી સ્ટેશનરી સામાન તથા ગણતરપત્રો, ડાયરી બુકો, રોજમેળ વગેરે કીફાયત ભાવે મળશે

એક વખત ખરીદ કરવાથી ખાત્રી થશે.

સુરત [illegible]

મણિલાલ મુળજીભાઇ ઉપાધ્યાય.
બુકસેલર અને પબ્લીશર